સુવિચાર
જીવન કેટલું અનમોલ છે તે જાણવા તેને ક્યારેક જોખમમાં નાખવું પડે છે.

આપ વાંચી રહ્યા છો દેશનું સૌથી વિશ્વસનીય અને સૌથી ઝડપી વિકસતું અખબાર

દિવ્ય ભાસ્કર

કુલ પાનાં 20 + 6 + 4 (નવરંગ) = 30 ગુજરાત કિંમત ₹ 4.00, વર્ષ 15 , અંક 265, મહાનગર

લેટેસ્ટ ન્યુઝ અપડેટ્સ માટે QR કોડ સ્કેન કરો અને DivyaBhaskar.com એપ ડાઉનલોડ કરો.

divyabhaskar.com | અમદાવાદ, શુક્રવાર, 16 ફેબ્રુઆરી, 2018 | ફાગણ સુદ-1 વિક્રમ સંવત 2074 | 12 રાજ્ય | 67 સંસ્કરણ

આ તસવીરો તમને વિચલિત કરી શકે છે પરંતુ અમે ઈચ્છીએ છીએ કે સરકાર વિચલિત થાય

દલિત પરિવારને જમીનનો ટુકડો ના મળ્યો એટલે...

વૃદ્ધે જાતને આગ ચાંપી

પાટણ કલેક્ટર કચેરીમાં અગ્નિસ્નાન

જમીન નિયમિત કરવાના મુદ્દે સાત દિવસ પહેલા સરકારને પત્ર લખી અગ્નિદાહ કરશે તેવું જણાવ્યું હતું. બેમાંથી એક વ્યક્તિને બચાવી લેવાઈ.

અગ્નિસ્નાન કરનાર ભાનુભાઈ વણકર

ભાસ્કર ન્યૂઝ | પાટણ

કઠોરમાં કઠોર વ્યક્તિની સંવેદનાને ઝકઝોર કરી દે એવી ઘટના ગુરુવારે બપોરે પાટણ કલેક્ટર કચેરી ખાતે ઘટી હતી. પાટણના સમી તાલુકાના દદુખા ગામના દલિત પરિવારને ભોગવટાની પડતર જમીનનો ટુકડો મળે એ માટે ભાનુભાઈ વણકર નામના નિવૃત્ત તલાટીએ જાતને આગને હવાલે કરી હતી. હજુ સાત દિવસ પહેલાં જ દલિત પરિવારે મુખ્યમંત્રી, જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ-તંત્રને પત્ર લખીને ચીમકી આપી હતી કે જો ભોગવટાની જમીન કાયમી નહીં કરી આપવામાં આવે તો તેઓ આત્મવિલોપન કરશે. તેમની ચીમકી બાદ ગુરુવારે કલેક્ટર કચેરી ખાતે પોલીસ સ્ટાફ તથા અગ્નિશામક ટુકડીને તહેનાત રાખવામાં આવી હતી.

દદુખા ગામના હેમાબેન તથા રામાભાઈ સરકારી પડતર જમીન તેમના નામે થાય એ માટે છેલ્લા ત્રણ કરતાં વધારે વર્ષથી ઓફિસોના ધક્કા ખાઈ રહ્યાં હતાં. ભાનુભાઈ વણકર તેમના માટે લડી રહ્યા હતા. ભાનુભાઈ સામાજિક કાર્યકર છે. આત્મવિલોપનની ચીમકી આપતા પત્રમાં ભાનુભાઈનું નામ પણ હતું. ગુરુવારે પાટણ કલેક્ટર કચેરીમાં રામાભાઈ અને હેમાબેન બબ્બે બોટલ કેરોસીન સાથે આવી પહોંચ્યાં હતાં. તેઓ જાતને આગ ચાંપે એ પહેલાં જ પોલીસે તેમને અટકાવ્યા હતા. જોકે ભાનુભાઈને આગ ચાંપતા પોલીસ અટકાવી શકી નહોતી. (વધુ અહેવાલ પાના નં. 4)

રાત્રે કોન્સ્ટેબલનો આપઘાતનો પ્રયાસ

કલેક્ટર કચેરીમાં ગુરૂવાર બપોરે દલિત આગેવાનના આત્મવિલોપનની ઘટના પછી મોડી રાતે પાટણ બી ડિવીઝનના એક પોલીસ કોન્સ્ટેબલ રાહીએ આ ઘટનાથી વ્યથિત થઈ પેટ્રોલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.પોલીસ સ્ટેશનમાં આ ઘટના બનતા તાત્કાલિક પોલીસ કર્મીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

હૉસ્પિટલની બહાર દલિતોના દેખાવ

લેખિતમાં આગોતરી ચેતવણી આપી હોવા છતાં ભાનુભાઈ વણકરને આત્મવિલોપન કરતા પોલીસ થાપ ખાઈ ગઈ હતી. જેને પગલે લોકોમાં ખાસ કરીને દલિત કાર્યકરોમાં આક્રોશ ફેલાયો હતો. ભાનુભાઈને જે હૉસ્પિટલમાં સારવાર અપાઈ તેની બહાર પણ મોટી સંખ્યામાં દલિતોએ દેખાવો કર્યા હતા. કોંગ્રેસે આ મુદ્દે કલેક્ટર, એસપીને બરતરફ કરવાની માગ કરી હતી. જોકે પોલીસે દલિત પરિવારની અટકાયત કરવા માટે ટુકડી રવાના કરાઈ હોવાનો દાવો કર્યો હતો.

ભાસ્કર તંબોલા નંબર કૂપન

ન્યૂઝ ઈનબ્રીફ

એપ દ્વારા જૂન મહિનાથી ઘેર બેઠા વોટર લિસ્ટમાં નામ

નવી દિલ્હી | મતદાર યાદીમાં નામ ઉમેરવાનું કે પરિવર્તનનું કામ આગામી જૂન મહિનાથી ઘેર બેઠા એપ દ્વારા થઈ શકશે. ચૂંટણીપંચે વોટર્સ એરોનેટ નામનું એપ તૈયાર કર્યું છે. 22 રાજ્યોની માહિતી એમાં મૂકી દેવાઈ છે.

આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 6ઠ્ઠી વન-ડે

સેન્ચ્યુરિયન | ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વન-ડે શ્રેણીની અંતિમ 6ઠ્ઠી મેચ શુક્રવારે રમાશે. ભારતે 4-1થી શ્રેણી જીતી લીધી છે. મેચનું પ્રસારણ સાંજે 4.30થી ટેન ક્રિકેટ પર થશે. (વિસ્તૃત અહેવાલ રમત પાને)

15 વર્ષ જૂનાં વાહનોને ભંગારમાં કાઢવાની નીતિ લગભગ તૈયાર

નવી દિલ્હી | 15 વર્ષ જૂનાં વાહનોને ભંગારમાં કાઢવાની નીતિ લગભગ તૈયાર થઈ ગઈ છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે નીતિ આયોગના પરિસરમાં ઈલેક્ટ્રિક વાહનો માટે ચાર્જરની શરૂઆત કરી તે સમયે આ મુજબ જણાવ્યું હતું.

તિરુપતિ મંદિરને એક સપ્તાહમાં બે કરોડનું દાન

તિરુપતિ | તિરુપતિ મંદિરને એક સપ્તાહમાં બે કરોડનું દાન મળ્યું છે. મંદિર સંચાલિત અપંગ ટ્રસ્ટને એક કંપનીના એમડીએ એક કરોડનું દાન આપ્યું છે. ગયા સપ્તાહે મંદિરના વૈદિક ટ્રસ્ટને ચેન્નાઈ સ્થિત ટ્રસ્ટે એક કરોડનું દાન આપ્યું હતું.

શહીદની બે વર્ષની પુત્રીએ પોલીસ ફેસ્ટનું ઉદઘાટન કર્યું

જમ્મુ | આતંકી હુમલામાં શહીદ થયેલા સબ ઈન્સ્પેક્ટર ઈમરાન ટાંકની બે વર્ષની પુત્રીએ ઉધમપુર ખાતે સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું ઉદઘાટન કર્યું હતું. શહિદને સન્માન આપવા માટે તેમની પુત્રીના હસ્તે આ રમતોત્સવનું ઉદઘાટન કરાયું હતું.

માતાએ મૃત પુત્રના સ્પર્મનો કર્યો ઉપયોગ, સરોગસીથી દાદી બન્યા, જોડકાં જન્મ્યાં
વાંચો...divyabhaskar.com પર

દિવ્ય ભાસ્કર | ગિફ્ટ માટેની કૂપન

ગુજરાતનો માલ્યા | દાદી પાપડ વેચતાં હતાં, પૌત્રે બેન્ક વેચી

11400 કરોડનું PNB કૌભાંડ; નીરવ મોદીની 5100 કરોડની સંપત્તિ જપ્ત

કોંગ્રેસ અને ભાજપ વચ્ચે મોટા મોદી અને નાના મોદી મુદ્દે ગજગ્રાહ

એજન્સી | નવી દિલ્હી

દેશના સૌથી મોટા 11,400 કરોડના બેન્ક કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી)એ ગુરુવારે હીરા વેપારી નીરવ મોદીની 5,100 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. તેમાં હીરા, ઝવેરાત અને સોનું પણ સામેલ છે. મુંબઈમાં નીરવની 6 પ્રોપર્ટી પણ જપ્ત કરવામાં આવી છે. ઈડીએ મુંબઈ, દિલ્હી, સુરતમાં નીરવની ઓફિસો, ...અનુસંધાન પાના નં. 17

નીરવ મોદીના પરિવારે જાન્યુઆરીમાં દેશ છોડ્યો | પીએનબીની ફરિયાદના આધારે સીબીઆઈએ નીરવ મોદીની પત્ની એમી, ભાઈ નિશાલ અને બિઝનેસ પાર્ટનર મેહુલ ચોક્સી વિરુદ્ધ કેસ નોંધ્યો છે. જોકે કૌભાંડ બહાર આવે એના દોઢ મહિના અગાઉ પહેલી જાન્યુઆરીએ જ નીરવ પોતાના ભાઈ સાથે ભારત છોડીને જતો રહ્યો હતો. નિશાલ પાસે બેલ્જિયમ અને પત્ની એમી પાસે અમેરિકાનું નાગરિકત્વ છે. સીબીઆઈએ ચારેય વિરુદ્ધ લુકઆઉટ નોટિસ ઈસ્યુ કરી છે. નીરવ મોદી હાલ સ્વિત્ઝર્લેન્ડ હોવાનું મનાય છે.

પ્રિયંકા છેડો ફાડશે

અભિનેત્રી પ્રિયંકા ચોપડા હવે મોદીની કંપની સાથેનો કરાર તોડવા માટે વિચારણા કરી રહી છે. આ અંગે પ્રિયંકાએ કાયદાના નિષ્ણાતોની સલાહ લેવાનું શરૂ કર્યું છે. પ્રિયંકા ચોપડાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પ્રિયંકાએ નીરવ મોદી સામે કેસ કર્યો હોવાના અહેવાલ સાચા નથી.

પાલનપુરમાં નીરવનાં દાદી પાપડ બનાવતાં

નીરવ મોદી મૂળ પાલનપુરનો વતની છે નીરવના પિતા પરિવારજનો સાથે એન્ટવર્પ વસી ગયા હતા. પાલનપુરના ઢાળવાસ વિસ્તારમાં પીયૂષભાઈ મોદીનું મકાન આવેલું છે. તેઓ વર્ષે એક કે બે વખત પરિવારજનો સાથે અહીં આવે છે. આ જ મકાનની સામે એક ભાડાના મકાનમાં નીરવનાં દાદા દાદી રહેતા હતા. દાદી પ્રભાબેન પાપડ બનાવી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. મોદી પરિવારે તાજેતરમાં પાલનપુરમાં માતબર રકમનું દાન આપ્યું હોવાની પણ ચર્ચા છે.

US માં સસ્પેન્ડ વિદ્યાર્થીનો ગોળીબાર, 17 વિદ્યાર્થીનાં મોત

વોશિંગ્ટન | અમેરિકામાં ફ્લોરિડાની પાર્કલેન્ડ હાઈસ્કૂલમાં એક પૂર્વ વિદ્યાર્થીએ એસોલ્ટ રાઈફલમાંથી અંધાધૂંધ ગોળીબાર કરી 17 લોકોના જીવ લીધા હતા. એક ભારતવંશી સહિત 12થી વધુ ઘવાયા છે જેમાંથી 3ની હાલત ગંભીર જણાવાઈ છે. (વિસ્તૃત અહેવાલ પાના નં. 18)

પીએમ મોદીની અરુણાચલની યાત્રા સામે ચીન ગિન્નાયું

બેઈજિંગ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અરુણાચલપ્રદેશની યાત્રા સામે ચીને વિરોધ વ્યક્ત કર્યો છે. ચીન અરુણાચલને દક્ષિણી તિબેટનો ભાગ માને છે અને તેણે આ મુદ્દે કહ્યું છે કે ભારત સામે વિરોધ વ્યક્ત કરીશું. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગેંગ શુઆંગે પીએમ મોદીની ગુરુવારે અરુણાચલપ્રદેશના રિપોર્ટ અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે ભારત-ચીન સરહદ વિવાદ અંગે ચીનનું વલણ સ્પષ્ટ છે. ચીનની સરકારે ક્યારેય અરુણાચલપ્રદેશને માન્યતા આપી નથી. ...અનુસંધાન પાના નં. 17

દીકરાએ પ્રેમ લગ્ન કર્યાં તો માતાને ઢોરની સાથે બાંધી દીધી

રાજપીપળા નજીકના ગામમાં પ્રેમલગ્ન કરનાર પુત્રની 48 વર્ષની માતાને વેવાઈ પક્ષે બેરહેમીપૂર્વક માર મારીને છ કલાક સુધી ઢોરની સાથે બાંધી દીધી હતી.

પાક.ને જવાબ આપવા સૈન્ય કમાન્ડરોને ફ્રી હેન્ડ

એજન્સી | શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં અંકુશરેખા પર આવેલી ભારતીય પોસ્ટના કમાન્ડરોને પાકિસ્તાની સૈન્ય દ્વારા થતા યુદ્ધવિરામ ભંગનો જવાબ આપવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. સૈન્યના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાની સૈન્ય દ્વારા વારંવાર ગોળીબાર, હુમલાઓના પગલે આ નિર્ણય લેવાયો હતો. ઉલ્લેખનીય છે કે અંકુશરેખા પર ભારતીય સૈન્યની કડક કાર્યવાહીના પગલે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠનોએ સુંજવા ખાતેના સૈન્ય કેમ્પ પર હુમલો કર્યો હતો. આ પહેલાં પાકિસ્તાની સૈન્ય દ્વારા યુદ્ધવિરામની ઘટનાઓમાં વધારો નોંધાયો હતો.

મૉડેલ્સ્	Hexa	Tiago	Tigor	Zest	Storme
શરૂઆતી એક્સ શોરૂમ કિંમત	₹11.82L	₹3.37L	₹4.76L	₹5.28L	₹10.32L
ફેબ્રુઆરી માં અધિકતમ લાભ	93000	29000	43000	67000	87000

Offer valid on select model/colour and on available stocks at Tata Motors authorized dealerships. February Benefits includes insurance benefits, exchange bonus, corporate offers and cash discounts if any. Images and illustrations are indicative and for information purposes only. All features/specifications are not available in all variants and may vary for different variants. Accessories may or may not be a part of standard fitment. Finance is at the sole discretion of the Financier. Price is Ex-Showroom Ahmedabad. Price prevailing at the time of delivery will be applicable. Terms & Conditions apply.

AHMEDABAD CITY: PRAHLADNAGAR: Progressive: 7069075832. BAREJA: Progressive: 7069075832. AMBAWADI: Active Automobiles: 7574806739. LAL DARWAJA: Cama Motors: 7574806738. VIJAY CHAR RASTA: Manan Motors: 7573997491. SARKHEJ: Active Automobiles: 7574806815. VIRAMGAM: Cama Motors: 7574891483. BAVLA: Active Automobiles: 7574891490. ANAND: Progressive: 7574806826. BORSAD: Progressive: 7574806826. NADIAD: Progressive: 7574891481. KAPADWANJ: Progressive: 7574891481. GANDHINAGAR: Harsolia Brothers: 7574806765. MANSA: Harsolia Brothers: 7574806765. HIMMATNAGAR: Harsolia Motors: 7574806801. MODASA: Harsolia Motors: 7574806801. MEHSANA: Falcon Motors: 7574806768. UNJHA: Falcon Motors: 7574806768. VISNAGAR: Falcon Motors: 7574806768. PALANPUR: Gajanand Motors: 7574806751. PATAN: Gajanand Motors: 7574806751. DEESA: Gajanand Motors: 7574806751. SURENDRANAGAR: Active Automobiles: 7574891490.

"હેર ફૉલનો# આવ્યો અંત
આભાર કેશ કિંગ"

'હું સ્વભાવથી ચંચળ અને રમતિયાળ છું. પણ થોડાક વર્ષ પહેલાં મારા આ આનંદી સ્વભાવ પર જાણે ગ્રહણ લાગી ગયું. કારણ હતું દિવસે-દિવસે ઓછા થતા જતા મારા વાળ.

પણ ત્યારે સદ્ભાગ્યે મને કેશ કિંગ વિશે ખબર પડી. ત્યારથી હું કેશ કિંગ આયુર્વેદિક તેલ અને શેમ્પૂનો ઉપયોગ કરી રહી છું.

મારા વાળોનું ખરવું#તો ઓછું થયું જ છે, સાથે વાળ ઉગવા પણ લાગ્યા છે. મારા વાળ અગાઉથી વધુ લાંબા, મુલાયમ, ઘના અને કુદરતી રુપે કાળા થઇ ગયા છે.

મારો એ ચંચલ અંદાજ પાછો લાવવા અને મારા વાળોને નવું જીવન આપવા માટે, આભાર કેશ કિંગ!'

કેશ કિંગના પરિવાર સાથે જોડાએલી એક વધુ દીવાની.
કંચન વૈષ્ણવ, જયપુર

સવોત્તમ પરિણામ મેળવવા માટે અઠવાડિયામાં ત્રણ દિવસ, ત્રણ મહિના સુધી ઉપયોગ કરો.

ભારતની Jodi No.1 ઓફર!$ BOROPLUS worth Rs.33/-

૫ સમસ્યાઓ થી રાહત અપાવે
- ખરતા વાળ#
- ખોળો^
- શુષ્કતા
- બેમુખી વાળ~
- નબળા વાળ

આયુર્વેદનો કિંગ

emami Kesh King
AYURVEDIC OIL • SHAMPOO • CAPSULE

24X7 Toll Free Helpline No.: 1800 103 5155
www.keshking.com /Kesh King Hair Oil

$૧૧૦મિલી કેશ કિંગ આયુર્વેદિક તેલની સાથે મેળવો ₹૩૩ મૂલ્યનું ૧૯મિલી $બોરોપ્લસ એન્ટિસેપ્ટિક ક્રીમ. ઓફર સ્ટોક હશે ત્યાંસુધી માન્ય. #દરરોજ દાંતિયાથી ઓળવાના કારણે તૂટીને ખરતા વાળ. ^ખોડા પેદા કરનાર જીવાણુઓના ઇન-વિટ્રો સ્ટડી પર આધારિત. ~બેમુખી વાળ રોકવા માટે દરરોજ ઉપયોગ કરો.